બામણા કોલેજમાં સપ્તધારા અંતર્ગત 'મહેંદી' અને 'રંગોલી' સ્પર્ધા યોજાઈ

ભિલોડા,તા.૧૩

મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષી પાવનની જન્મભૂમિમાં કાર્યરત બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ-મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણા ગામમાં પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ અને સપ્તધારાના કો.ઓ. અધ્યાપકો દ્વારા કોલેજમાં ૫૧ સ્પર્ધક વિદ્યાર્થીઓ જોડાયા હતા.નિર્ણાયકો પ્રા.અક્ષયકુમાર પ્રજાપતિ, પ્રા.એન.આર જોષી, પ્રા.બ્રિજેશ પંચાલ પ્રા.પ્રજ્ઞાબેન પંચાલ, પ્રા.રાહુલભાઈ ડામોરના પરીણામે મહેંદી અને રંગોળી સ્પર્ધામાં પ્રથમ, દ્રીતીય, તૃતીય ક્રમાંક જાહેર કરીને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રથી સન્માનીત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ડૉ. બી.કે.પટેલે કરી હતી. સમગ્ર સર્જનાત્મક કલા વિદ્યાર્થીઓમાં સ્ફુરે તે અર્થે આયોજન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લા પોલિસ તંત્ર દ્વારા દેશભક્તિના ગીતો પીરસ્યા

અરવલ્લી, તા.૧૩

અરવલ્લી જિલ્લામાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીની નિમિત્તે સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો,, મોડાસાના પીએમ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થનારા રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વને લઈને જિલ્લા પોલિસ તંત્ર દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને દેશભક્તિના ગીતોમાં રંગાઈ ગયા હતા.

અરવલ્લી જિલ્લા પોલિસ તંત્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગાયક કલાકારોએ દેશભક્તિના ગીતો ગાતા શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા અને દેશભક્તિના ગીતોમાં મસ્ત લીન થયા હતા. મોડાસા ખાતે રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી પહેલા આયોજિત વિવિધ કાર્યક્રમોમાં લોકોનો ઉત્સાહ વધી રહ્યો છે ત્યારે જિલ્લા પોલિસ તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમને સ્થાનિક લોકો અને પોલિસ જવાનોએ સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે રેંજ આઈ.જી. અભય ચુડાસમા, કલેક્ટર ડોક્ટર નરેન્દ્ર કુમાર મીના, સાબરકાંઠા જિલ્લા પોલિસ વડા વિશાલ વાઘેલા તેમજ અરવલ્લી જિલ્લા પોલિસ વડા સંજય ખરાત ઉપસ્થિત રહ્યા હતા. સંગીત સંધ્યા કાર્યક્રમમાં દેશભક્તિના ગીતોએ પોલિસ જવાનોમાં જોમ અને જુસ્સો વધાર્યો હતો. મોટી સંખ્યામાં શહેરીજનો, આગેવાનો તેમજ પોલિસના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પર્યાવરણ બચાવવા ભારત ભ્રમણે નીકળેલ સાયકલ સવારનું ડીસામાં સન્માન

મીડિયામાં ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરોના સમાચાર દેખીને અન્ય કોઈ જાગૃત થાય કે ન થાય પરંતુ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢનો ૨૮ વર્ષીય યુવક જાગૃત થઈ ગયો છે. જે પર્યાવરણ પ્રેમી યુવકનું નામ છે સુંદરમ તિવારી. રોજબરોજ ગ્લોબલ વોર્મિંગ અને એર ક્વોલિટી ઈન્ડેક્સના સમાચાર જોઈ તેનો જીવ હચમચી ગયો અને બસ તે દિવસથી જ તેણે પર્યાવરણ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટેની સફર શરૂ કરી છે. સુંદરમ તિવારી સાયકલ પર ભારત યાત્રાએ નીકળી પડ્યો છે અને દરેક ગામ અને શહેરોમાં તે વૃક્ષો વાવી લોકોને પર્યાવરણ બચાવવા માટે અપીલ કરી રહ્યો છે.આ પર્યાવરણ પ્રેમીએ માત્ર એક જ વર્ષમાં શાળાઓ, કોલેજ, ગૌશાળા, ખાનગી ફેક્ટરી સહિત ૪૫ જિલ્લાઓ અને નેપાળમાં પણ સવા લાખથી પણ વધુ વૃક્ષો વાવ્યા છે. લખનૌથી નીકળેલો આ પર્યાવરણ પ્રેમી યુવક આજે ડીસામાં આવતા જ વિવિધ સામાજિક કાર્યકરો અને સંગઠનો દ્વારા તેનું તિરંગાથી સ્વાગત કરાયું હતું, સાથે જ પર્યાવરણ બચાવવાની તેની મુહિમને આગળ ધપાવવા માટે અને લોકોને જાગૃત કરવા માટેના સંકલ્પ લીધા હતા.

હરઘર તિરંગાને લઈને પ્રાંતિજ ખાતે રાષ્ટ્ર ધ્વજનુ વિતરણ કરવામા આવ્યુ

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હરઘર તિરંગા ને લઈ ને પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો તથા શાળાના શિક્ષકો તથા મોદી સમાજ દ્વારા તિરંગાનુ ઘરે ઘરે જઈને વિતરણ કરવામા આવ્યુ હતું. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગ રૂપે હરઘર તિરંગા લહેરેને લઈને દેશભરમા ૧૩,૧૪,૧૫ એમ ત્રણ દિવસ ઉજવણીને લઈને આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો આગેવાનો તથા શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલના શિક્ષકો દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમા ઘરે ઘરે જઈને રાષ્ટ્ર ધ્વજનુ વિતરણ કરવામા આવ્યુ હતુ અને નગરજનોને પોતાના ઘરે રાષ્ટ્રધ્વજ લહેરાવવા અપીલ કરી હતી તો પ્રાંતિજ મોદી સમાજ દ્વારા પણ સમાજની વાડી ખાતે સમાજના દરેક ઘરે તિરંગો લહેરાય તે માટે વાડી ખાતેથી સમાજના દરેક લોકોને વિતરણ કરવામા આવ્યુ હતુ ત્યારે પ્રાંતિજ તિરંગાથી લહેરી ઉઠશે અને નગરજનોનો દેશ પ્રેમ પણ જોવા મળશે.

આપણું અરવલ્લી, આપણું પર્વ

સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ઉજવણી : મોડાસા રોશનીથી સજ્જ

મોડાસા, તા.૧૩

આ વર્ષે રાજ્ય કક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે યોજાનારા છે ત્યારે અલગ-અલગ કાર્યક્રમો મોડાસા ખાતે થઈ રહ્યા છે. રાજ્ય કક્ષાના અને રાષ્ટ્રીય પર્વની ઉજવણીને લઈને મોડાસા શહેર રોશનીથી ઝળહળી ઉઠ્યું છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ત્રિરંગા લાઈટ્સ લગાવાઈ છે, જેથી મોડાસા શહેર દુલ્હનની જેમ સજી ગયું છે. રાત્રિના સમયે જિલ્લા કલેક્ટર સહિતની કચેરીઓનો નજારો અદભૂત જોવા મળી રહ્યો છે.

સ્વતંત્રતા પર્વની ઉજવણીએ કોઈ એક ધર્મ, એક વ્યક્તિ, એક સમાજની નહીં પરંતુ દેશવાસીઓની છે, અને આ જ ઉજવણીમાં હર કોઈ દેશવાસી જોડાયો છે. આ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવને લઈને રાજ્યકક્ષાના ૭૬માં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવા મોડાસામાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સ્વતંત્રતા પર્વની ઉજવણી અંતર્ગત અરવલ્લી જિલ્લાના તમામ સરકારી મકાનો, રોડ રસ્તા વગેરે ભવ્ય રોશનીથી સુશોભિત કરવામાં આવ્યા છે.રાષ્ટ્રધ્વજના રંગમાં સજીને આ જિલ્લો દેશભક્તિની ભાવના લોકોમાં જાગૃતિ કરી રહ્યો છે. રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવમણીને લઈને જિલ્લાની કલેક્ટર કચેરી, જિલ્લા પોલિસ વડા કચેરી અને જિલ્લા વિકાસ અધિકારી કચેરીની બિલ્ડિંગ્સ ટ્રાય કલરથી ઝળહળી ઉઠી છે, જેને જોવા માટે શહેરીજનો મોડી રાત્રે પહોંચી રહ્યા છે. આ સાથે જ સેલ્ફી પણ મોબાઈલમાં કંડારી રહ્યા છે. સમગ્ર મોડાસા શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. મોડાસાના સરકારી ઈજનેરી કોલેજ પાસે આવેલ મેદાનમાં ૭૬મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવવામાં આવશે, જેમાં ૧૪ મી ઓગસ્ટ સાંજે ૬ કલાકે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.જેમાં ૧૫૦થી વધૂ કલાકારો પોતાની કૃતિ રજુ કરશે. ૧૫મી ઓગસ્ટના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે

તિરંગા યાત્રા : ડીસા દેશ ભક્તિના રંગે રગાયું

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં હર ઘર તિરંગા કાર્યક્રમની ઉત્સાહ ભેર ઉજવણી થઈ રહી છે ત્યારે શનિવારે ડીસામાં પણ ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. એસ સીડબ્લ્યુ હાઈસ્કૂલથી આ યાત્રાને ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાએ પ્રસ્થાન કરાવ્યું હતું. બે કિલોમીટર લાંબી તિરંગા યાત્રામાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ હાથમાં ત્રિરંગા લઈને આ રેલીમાં જોડાયા હતા. આ ઉપરાંત યાત્રામાં વિવિધ શૈક્ષણિક, સામાજિક ,સેવાકીય સંસ્થાઓ પણ જોડાઈ હતી. આ તિરંગા યાત્રાએ શહેરમાં દેશભક્તિનો માહોલ ઉભો કર્યો હતો. આ યાત્રા બાદમાં સરદારબાગ, ફુવારા સર્કલ, લેખરાજ ચાર રસ્તા, સોની બજાર, રિશાલા બજાર સહિત સમગ્ર શહેરમાં ફરી હતી તેમજ આ યાત્રાનું ડીસા કેમિસ્ટ એસોસીએસન સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરી, ડીસા ભાજપ પ્રમુખ પ્રતિકભાઈ પઢીયાર, મંત્રી હકમાજી જોશી, રાકેશભાઈ પટેલ, કૈલાસભાઈ ગેલોત, રમેશભાઈ પંડયા, અમિતભાઈ રાજગોર સહિત ભાજપના હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. યાત્રામાં ઉપસ્થિત તમામે શિસ્તબ્ધ રીતે ગોઠવાઈ રાષ્ટ્રીય ગીત પણ ગાયું હતું અને તિરંગા યાત્રાની પુર્ણાહુતી કરવામાં આવી હતી. ધારાસભ્ય શશીકાંત આગેવાનીમાં યોજાયેલ તિરંગા યાત્રાએ સમગ્ર શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

પ્રાંતિજ ખાતે અદ્દભૂત પૂર્વ તિરંગા રેલી યોજાઈ

૯૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે નિકળેલ તિરંગા રેલીનુ ઠેરઠેર ફુલોની વર્ષાથી સ્વાગત

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ૧૩ મી ઓગસ્ટ ના રોજ એક ભવ્ય તિરંગા રેલી યોજાઈ હતી જેનુ આયોજન ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામા આવ્યુ હતુ.

પ્રાંતિજ શેઠ. પી.એન્ડ આર હાઈસ્કુલ ખાતે થી ૯૦ મીટર લાંબા તિરંગા ધ્વજ સાથે ડી.જે સાથે ભવ્યાતિભવ્ય તિરંગા રેલી નિકળી હતી જેમા સાબરકાંઠા-અરવલ્લી સાસંદ દિપસિંહ રાઠોડ, મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, ગુજરાત પ્રદેશ સોશીયલ મીડીયા કન્વીનર સિધ્ધાર્થ પટેલ તથા તાલુકા શહેર મંડલના પ્રમુખો મંત્રીઓ સહિત સંગઠનના હોદેદારો સહિત નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા પ્રાંતિજ પાલિકાના કોર્પોરેટરો સહિત શેઠ.પી.એન્ડર આર હાઈસ્કુલના વિધાર્થીઓ તથા શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો તો આ તિરંગા પદયાત્રા નગરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થતા અભૂતપૂર્વ નજારો જોવા મળ્યો હતો અને આ વિશાળ રેલી જોઈને નગરજનો અને વેપારીઓએ પુષ્પાંજલિ કરીને રેલીનુ સ્વાગત કર્યુ હતુ.

રેલીમા દુર-દુર સુધી માત્ર તિરંગા ઝંડા લહેરાતા જોવા મળ્યા હતા અને દેશભકિતના ગીતો સંગીત સાથે નાની ભાગોળ પંખીઘર સુધી પહોચી હતી.

ધનસુરા ખાતે ગ્રામ પંચાયત દ્વારા તિરંગા પદયાત્રા

ધનસુરા, તા.૧૩

હર ઘર તિરંગા અભિયાનને લઈને દેશભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે દેશભરમાં ઉત્સાહપૂર્વક વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરામાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા તિરંગા પદયાત્રા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં ગામ લોકો જોડાયા હતા.આ તિરંગા પદયાત્રા ધનસુરા ગ્રામ પંચાયત પરબડી ચોક, બજાર સહિત નગરમાં યોજાઈ હતી. જેમાં લોકો ઉત્સાહ પૂર્વક જોડાયા હતા અને દેશ ભક્તિના નારા લગાવ્યા હતા.આ યાત્રામાં ધનસુરાના સરપંચ હેમલત્તાબેન પટેલ, ટી.ડી.ઓ રાકેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ, તલાટી નીતિનભાઈ પ્રિયદર્શી, ગ્રામ પંચાયતના સદસ્યો ગ્રામ પંચાયતનો સ્ટાફ ગામના આગેવાનો તથા, વડીલો, ધનસુરાની વિવિધ સ્કૂલોના આચાર્યઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ અને ગામ લોકો ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં જોડાયા હતા અને દેશ ભક્તિના ગીતો સાથે આ યાત્રા ઉત્સાહ પૂર્વક યોજાઈ હતી. આ તિરંગા પદયાત્રાને જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

ધાનેરા નગરપાલિકા ખાતે સામાન્ય સભા યોજાઈ

છેલ્લા ઘણા સમયથી ધાનેરા નગરપાલિકા તરીકે પ્રમુખ તરીકે કમળાબેન નાઈ છે. પરંતુ તેમનો અણઘડ વહીવટને લઈ ધાનેરાના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની સાથે સાથે પાલિકાના સદસ્યોમાં પણ નારાજગી જોવા મળી રહી છે કોંગ્રેસના પ્રમુખ સામે કોંગ્રેસના જ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત લાવી હતી અને તેમાં પણ પાલિકા પ્રમુખની મનમાની જણાવવી હતી. તે બાદ આજે ધાનેરા નગરપાલિકાના સભાખંડ ખાતે સામાન્ય સભાય યોજાઈ હતી. સામાન્ય સભામાં વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ ધાનેરામાં ગટરોનું ગંદુ પાણી વરસાદી પાણીનો નિકાલ થતો નથી તેવા અનેક મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

"તિરંગો" ગૌરવ છે, રાષ્ટ્રનું માન, સન્માન અને ઈજ્જત છે!!

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

સાવધાન....ભૂલથી પણ તિરંગાનું અપમાન ના થઇ જાય... ૧૫મી પછી તિરંગાને માનભેર ઉતારી સાચવી દઈએ...

બાયડ તા.૧૩

આઝાદીના "અમૃત મહોત્સવ" ના ભાગરૂપે તા:૧૩/૧૪/૧૫ ઓગસ્ટ ૨૦૨૨ દરમ્યાન ઘર ઘર તિરંગો ફરકાવીએ... તિરંગાને સલામી આપીએ, ભારત માતા કી જય બોલાવીએ અને રાષ્ટ્ર પ્રત્યેની લાગણીઓનું પૂર લાવીએ!! આપણે આ બધું ગૌવરભેર જરૂર કરીએ પરંતુ સ્વાતંત્રયદિનની ઉજવણીનો મહોત્સવ પૂર્ણ થયા બાદ તારીખ ૧૬ મી ઓગસ્ટ પછી "તિરંગો" રસ્તા ઉપર રઝળતો ના રહેવો જોઈએ.... તિરંગો કોઈના પગ નીચે કે રસ્તા ઉપર ફરતા વાહનો નીચે રગદોળતો નજરે ના પડવો જોઈએ. આપણાથી ભૂલથી પણ જાણે અજાણે અપમાન ના થઈ જાય તેની પુરી દરકાર કરવી જરૂરી છે!!

માણસ સ્વભાવ પ્રમાણે હોંશે હોંશે આપણે ઉત્સવ તો ઉજવતા હોઈએ છીએ પણ તેના બીજા ભાગરૂપે આપણે પાછળની દરકારમાં બિલકુલ બેદરકારી દાખવીએ છીએ ત્યારે ઉત્સવની શરૂઆતમાં જ મને આ સુચન કરવાનું મન થયું. "તિરંગો" આપણા માટે સૌથી મોટું માન સન્નમાન છે એટલે તિરંગા માટે આપણે સૌએ ખૂબ એલર્ટ રહેવું પડશે... આપણો ઈરાદો ખોટો ના હોય પણ ઘણીવાર નાની બેદરકારીથી તિરંગો રોડ ઉપર રઝળતો જોવા મળી શકે છે!! મોદી સાહેબનું "ઘર ઘર તિરંગા... હર ઘર તિરંગા" અભિયાન દેશ પ્રત્યેની લાગણી બતાવે છે પણ ૧૫ ઓગસ્ટ પછી જો તિરંગો રસ્તે રઝળતો જોવા મળ્યો કે ક્યાંય ડસટબીનમાં જોવા મળ્યો તો વિપક્ષ મોટો હંગામો કરી શકે છે!!

જેમને વિરોધ કરવાની આદત હોય તે કાયમ કોઈપણ વિષયનો વિરોધ જ કરવાના... ભૂલો શોધવાની આદત પડી ગઈ હોય છે. "ઘર ઘર તિરંગા" અભિયાન પાછળ મોદીજીનો ઉદ્દેશ્ય ખૂબ ઊંચો છે એ વાતની વિરોધીઓ ક્યારેય ચર્ચા નહિ કરે પરંતુ ૧૫ ઓગસ્ટ પછી જો એકપણ તિરંગો રોડ ઉપર હવામાં ઉડતો જોયો તો તેની ચર્ચા ઢોલ નગારા વગાડીને કરશે તે નક્કી છે.... આપણી એ નૈતિક ફરજ છે કે રસ્તા ઉપર કોઈ તિરંગો પડેલો જોઈએ તો તેને ઉપાડી લઈને યોગ્ય જગ્યાએ મૂકી દેવો જોઈએ. પરંતુ જેમનો સ્વભાવ વિકૃત છે તે લોકો આવુ બિલકુલ નહિ કરે અને મોબાઈલથી ફોટા પાડશે અથવા વિડીઓ બનાવી સોસીયલ મીડિયા ઉપર જરૂર વાયરલ કરશે.... એટલે આપણે સૌ બિલકુલ સાવધાન રહીશું અને જે લોકો ૧૬ મી ઓગસ્ટના દિવસે રોડ ઉપર રઝળતા તિરંગાઓ જોવા માંગે છે તેમની મનની મુરાદ ના ફળવા દઈએ!!

તિરંગો આન બાનથી ભારતના પ્રત્યેક ઘર ઉપર લહેરાતો હોય તેવું દ્રશ્ય નિહાલવું એ પણ એક લ્હાવો છે... બહૂ જ માન સન્નમાનથી તિરંગાને સાચવીશું. એક શબ્દ પણ આપણે તિરંગા વિરુદ્ધનો નહિ સાંભળીએ એટલુંજ નહિ પણ સાથે સાથે મોદીજીની રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાની પણ કદર કરીશું. રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝથી છલકતું નેતૃત્વ આપણને મળ્યું છે ત્યારે આપણા નેતૃત્વને કોઈ એલફેલ બોલીને તેમની ભાવનાને ઠેશ પહોંચાડે તેવું આપણે બિલકુલ નહિ થવા દઈએ... આ સંદેશ રાષ્ટ્રના માન સન્નમાન સાથે જોડાયેલો છે તો વધુને વધુ લોકો સુધી પહોંચાડવા આપ સૌને નમ્ર નિવેદન છે!

દ્વિતીય વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે

શ્રી શામળીયા ટિફિન સેવા દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

ભિલોડા,તા.૧૩

લોક કલ્યાણ અર્થે સેવા ભાવે હંમેશા અગ્રેસર ભિલોડા ઉદય સેવા સંસ્થાન ધ્વારા સંચાલિત શ્રી શામળીયા ટિફિન સેવા (નિઃશુલ્ક)ની દ્વિતીય વર્ષમાં મંગલ પ્રવેશ અને શ્રીમદ્ જેસિંગબાપા જન્મ શતાબ્દી મહોત્સવ નિમિત્તે આશિંવચન સંત શિરોમણી શ્યામસુંદરદાસ મહારાજ (ભોલેશ્વર આશ્રમ,વસાઈ), શાસ્ત્રી ચંદ્રકાંતભાઈ પંડયા (ગાયત્રી પરિવાર,લીલછા-ભિલોડા) રકતદાન કેમ્પ તા. ૧૪ ઓગસ્ટને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રીમદ્ રામચંદ્ર વિધા સભાગૃહ, પ્રેરણા વિધાલય, ભિલોડા ખાતે કાર્યક્રમ યોજાશે તેમ પ્રમુખ ઉદય સેવા સંસ્થાન,ભિલોડાના જીતુભાઈ સી.ભાટીયા, મંત્રી અનિલભાઈ પી.પટેલ સહિત ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું. રકતદાન મહાદાન,અમુલ્ય રકતદાન કરીને માનવ જીવનને બચાવવા સહભાગી થઈએ તેમ સેવાભાવી કાર્યકરોએ જણાવ્યું હતું.

ધનસુરા ખાતે આઇ.જીના હસ્તે ગોપાલ વન નું લોકાર્પણ

અરવલ્લી, તા.૧૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા પોલીસ સ્ટેશન અને પોલીસ લાઈનમાં બનાવેલ ગોપાલ વન (બગીચા) નું ગાંધીનગર વિભાગ ના પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ કાર્યક્રમમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું સાથે રક્ષાબંધનના પર્વને લઈ મહિલા પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ, ગાંધીનગર અભય ચુડાસમાને રાખડી બાંધવામાં આવી હતી.

રૂદરડી પાસે પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વ્યય

૪૫ ગામનો પાણી પુરવઠો પુરી પાડતી વ્યવસ્થા



અરવલ્લી, તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા પાણીની તંગીથી પીડાતા છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે અબજો રૂપિયાના એંધાણ કરી રહી હોવાછતાં અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચાર થી ખદબદતા પાણી પુરવઠા તંત્રના ભોગે લોકો ઉનાળામાં પાણી વગર ટળવળતા હોય છે જીલ્લામાં પાણીપુરવઠા તંત્રની બેદરકારી સમયાંતરે બહાર આવતી રહે છે શામળાજીના મેશ્વો ડેમમાંથી ૪૫ ગામને પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં રૂદરડી ગામ નજીક વાલ્વમાં ભંગાણ સર્જાતા હજ્જરો લીટર પાણીનો વેડફાટ થતા લોકોમાં ભારે આક્રોશ છવાયો હતો શામળાજીના મેશ્વો ડેમમાથી આજુબાજુના ૪૫ ગામડાઓને પાણી પુરવઠા વિભાગ પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડી રહ્યું છે રૂદરડી ગામ નજીક પસાર થતી પાણીની પાઈપલાઈનના વાલ્વમાં ભંગાણ સર્જાતા પાણીના ફુવારા ઉડ્યા હતા પાણીનો વેડફાટ થતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો જવાબદાર તંત્ર દ્વારા પાઈપલાઈના વાલ્વમાં પડેલ ભંગાણનું તાબડતોડ સમારકામ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે